હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ચિંતા કરીશ નહી... ગમે તે હોય... આપણે ઓટલાની જગ્યા તો ખોળી લઈશું...!!

અયોધ્યા રામમંદિરના ચુકાદાને આવકારતાં વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સર્વોચ્ચ અદાલતના પાંચ ન્યાયધીશોએ અયોધ્યા રામ મંદિર અંગે આપેલા ચુકાદાને આવકારતા તેનું સન્માન કરીને અભિનંદન પાઠવ્યા છે. વિજયભાઈ રૂપાણીએ આ ચુકાદા અંગેની પ્રતિક્રિયા આપતા કહ્યું કે, છેલ્લા ઘણા વર્ષોથી જે પ્રશ્ન હતો તે પ્રશ્નના સંદર્ભમાં કોર્ટે ચુકાદો આપીને પ્રશ્નનો કાયમી અંત લાવી દીધો છે. મુખ્યમંત્રીએ એવી પણ અપેક્ષા વ્યક્ત કરી કે, દેશ અને ગુજરાતની તમામ સંસ્થાઓ લોકો આ નિર્ણયને સ્વીકારીને દેશની એકતા અખંડિતતા વધુ મજબૂત કરશે.

તેમણે રાજ્યના તમામ ધર્મના લોકો નાગરિકોને અપીલ પણ કરી છે, અયોધ્યા રામ મંદિરના આ નિર્ણયના સંદર્ભમાં સૌ શાંતિ જાળવીએ અને એખલાસના વાતાવરણને વધુ મજબૂત બનાવીએ.

સે. ૨૧ ઈન્ક્વાયરી પાસે જગુઆરના ચાલકે એક્ટીવાને અડફેટે લેતા મહિલાને ઈજા

ગાંધીનગર શહેરના ચકાચક અને પહોળા માર્ગો પર વાહનચાલકો બેફામગતિએ પોતાના વાહનો હંકારે છે. જેને પગલે કેટલીકવાર અકસ્માત સર્જાતા ટુ-વ્હીલર ચાલકોને શરીરે નાનીમોટી ઈજા પહોંચે છે. ત્યારે સે. ૨૧ ઈન્ક્વાયરી ચોકડી પાસે એક્ટીવા અને જગુઆર કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક્ટીવાચાલક માઉન્ટ કાર્મેલ શાળાના શિક્ષિકાને પગે ઈજા પહોંચી હતી. બનાવને પગલે ૧૦૮ને કોલ કરતા આવી પહોંચેલી એમ્બ્યુલન્સમાં દર્દીને શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે સે. ૨૧ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર કાર ચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

સે.૨૨ ચિનમય એપાર્ટમેન્ટ ખાતે રહેલા અને માઉન્ટ કાર્મેલ શાળાના શિક્ષિકા તરીકે ફરજ બજાવતા મનીષાબેન સમન્વય પરીખ શુક્રવારે બપોરે ૨ વાગે તેઓ શાળાએથી એક્ટીવા લઈ ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે સે. ૨૧ ઈન્ક્વાયરી પાસે પહોંચ્યા તે સમયે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને જગુઆર કારના ચાલકે એક્ટીવાને ટક્કર મારી હતી. અકસ્માતને પગલે ગંભીર રીતે ગાયલ શિક્ષિકાએ ફોન કરતા તેમના પતિ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ સમયે કારચાલક ઉભો જ હતો. કાર પર એપ્લોઈડ રજીસ્ટ્રેશનવાળી કાર હતી. શિક્ષિકાના પતિએ તેમને એમ્બ્યુલન્સમાં ખાનગી દવાખાને લઈ ગયા હતા. જ્યાં શિક્ષિકાને પગે ઘુંટણ અને ઘુંટી પાસે ફેક્ચરનુ નિશાન થયુ હતુ.

શ્રી ગોવિંદપુરા (સમૌ) ગામ શતાબ્દી મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ગોવિંદપુરા (સમૌ) ગામ શતાબ્દી મહોત્સવ તથા ગ્રામજનોનો પુનઃ પ્રવેશ અને નવચંડી યજ્ઞનું આયોજન તા. ૧૫ થી ૧૭ નવેમ્બર દરમિયાન કરવામાં આવ્યું છે. આ શતાબ્દી મહોત્સવ અંતર્ગત ગામમાં ત્રિદિવસીય ભવ્ય ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેમાં લોકડાયરો, શોભાયાત્રા, જલયાત્રા, રાસ-ગરબા, યજ્ઞ, સહિતના કાર્યક્રમનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ગામના આગેવાનો, સાધુ-સંતો, રાજકીય આગેવાનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહેશે. આ ધાર્મિક પ્રસંગે ભગતનું ગામ સાયલાથી પ.પૂ. ગાદીપતિ દુર્ગાદાસ મહારાજ અને ચુંદડીવાળા માતાજી ભક્તોને આર્શીવચન પાઠવશે. શતાબ્દી મહોત્સવના પાવનકારી પ્રથમ દિવસે તા. ૧૫-૧૧-૧૯ને શુક્રવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે વિક્રમ લાબડીયા ગ્રુપ દ્વારા ભવ્ય લોકડાયરો યોજાશે. જ્યારે તા. ૧૬ ને શનિવારના રોજ સવારે ૭.૧૫ કલાકે ગામ શુદ્ધિકરણ, ૮.૧૫ કલાકે ગ્રામજનોનો પુનઃ પ્રવેશ, ગ્રામજનોનો ગૃહ પ્રવેશ, જલયાત્રા, સવારે ૧૦ કલાકે, કેસર સન્માન મહાપૂજા ૧૨ કલાકે, બપોરે બે કલાકે શોભાયાત્રા, બપોરે ૩.૩૦ કલાકે માતાજીની પધરામણી અને રાત્રે ૯ કલાકે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાશે. જ્યારે પાવનકારી ત્રીજા દિવસે તા. ૧૭ને રવિવારના રોજ સવારે ૯.૧૫ એ યજ્ઞ પ્રારંભ, ભોજન, હોમવિધિ, ઉતરપૂજા, શ્રીફળ હોમ, યજ્ઞ પૂર્ણાહુતી સાંજે ૬ કલાકે ત્યારબાદ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરાયુ છે. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, દિનેશભાઈ વ્યાસ, તેજસભાઈ દવે, ડી. ડી. પટેલ, જે.એસ. પટેલ સહિત મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે.

વર્ષ ૨૦૨૦ની જાહેર રજાઓ

મકરસંક્રાંતિ	૧૪મી જાન્યુઆરી
મહાશિવરાત્રી (મહાવદ-૧૩)	૨૧મી ફેબ્રુઆરી
હોળી બીજો દિવસ (ધુળેટી)	૧૦મી માર્ચ
ચેટીચાંદ	૨૫મી માર્ચ
શ્રી રામ નવમી	૨જી એપ્રિલ
મહાવીર જન્મ કલ્યાણક	૬ઠ્ઠી એપ્રિલ
ગુડ ફ્રાઈડે	૧૦મી એપ્રિલ
ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મદિન	૧૪મી એપ્રિલ
ભગવાન પરશુરામ જયંતી	૨૫મી એપ્રિલ
રમઝાન ઈદ	૨૫મી મે
બકરી ઈદ	૧લી ઓગષ્ટ
રક્ષાબંધન	૩જી ઓગષ્ટ
જન્માષ્ટમી	૧૨મી ઓગષ્ટ
સ્વાતંત્ર્ય દિન	૧૫મી ઓગષ્ટ
સંવત્સરી	૨૨મી ઓગષ્ટ
મહાત્મા ગાંધીનો જન્મદિવસ	૨જી ઓક્ટોબર
ઈદ-એ-મિલાદુન્નબી	૩૦મી ઓક્ટોબર
સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિવસ	૩૧મી ઓક્ટોબર
દિવાળી	૧૪મી નવેમ્બર
બેસતુ વર્ષ	૧૬મી નવેમ્બર
ગુરૂનાનક જયંતી	૩૦મી નવેમ્બર
નાતાલ	૨૫મી ડિસેમ્બર

નીચેની રજા રવિવારે આવતી હોવાથી જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી

પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી
પારસી નૂતન વર્ષ	૧૬મી ઓગષ્ટ
મહોરમ	૩૦મી ઓગષ્ટ
દશેરા	૨૫મી ઓક્ટોબર

શિયાળો આવે એટલે સ્વાભાવિક રીતે જ બળતણ માટેના લાકડાઓની માંગ વધે છે. બળતણ માટેના લાકડાઓ વિણતી શ્રમજીવી મહિલાઓ અચૂક આપણી નજરે ચઢી જાય છે. નીચે પડેલા સૂકાં લાકડાઓ વીણે તેનો વાંધો ન હોય પરંતુ બળતણ માટે લીલા વૃક્ષોનો ભોગ ન લેવાય તે જોવુ રહે. શહેરની હરીયાળીને કોઈપણ ભોગે આંચ ન આવે તે જોવાની આપણી ફરજ છે.

જયઅંબે પરિવાર દ્વારા રોગ નિદાન અને રક્તદાન શિબિર યોજાયો

ગાંધીનગર, તા. ૯

જય અંબે પરિવાર આયોજીત મહાયાગ પ્રાંગણમાં સમદર્શન આશ્રમના પૂ. ગુરૂમાએ પધારી સૌને આશીર્વાદ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે પાંચ દિવસથી મહાયાગ ઉપરાંત ચંડીપાઠ ભૂદેવો દ્વારા કરાવવામાં આવી રહ્યો છે.

સંસ્થા દ્વારા શનિવારના રોજ બ્લડ ડોનેશન કેમ્પ તથા નિદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મેડીસીન ફીઝીશીયન વિભાગમાં ડૉ. હરેશ ઠેકડી અને ડૉ. જીતેન્દ્ર આનંદ તેમજ પરિવારના ડૉ. ધરતી પારેખ, ડૉ. સંકેત પંચાસરા અને ડૉ. ધ્રુવ પટેલ દ્વારા રોગનું નિદાન કરવામાં આવ્યુ હતુ. કેમ્પ દરમિયાન કુલ ૧૦૪ વ્યક્તિઓએ નિદાન કરાવ્યુ હતુ. સ્ત્રીરોગ નિદાન વિભાગમાં એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ અમદાવાદ તરફથી ગર્ભાશયના મુળના કેન્સરની અગમચેતીરૂપે પેપ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં ૩૦ બહેનોના ટેસ્ટ લેવામાં આવ્યા હતા. ગાયત્રી હોસ્પિટલના ડૉ. રાજેશ પટેલ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આંખ વિભાગમાં ડૉ. પાર્થ ખત્રી દ્વારા ૧૦૭ વ્યક્તિની આંખોની ચકાસણી કરવામાં આવી હતી. ઓર્થોપેડિક વિભાગમાં ડૉ. વિવેક વાદાણી દ્વારા સેવા આપવામાં આવી હતી. સર્જરી નિષ્ણાંત ડૉ. હિતેષ પટેલે ચકાસણી કરી ૩ દર્દીને સર્જરી અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. કેન્સર સ્પેશ્યાલિસ્ટ ડૉ. વિનોદકુમાર દલાલની પણ સેવા દરેકને મળી હતી. શિબિરમાં રક્તદાન શિબિરનું આયોજન ભાદરવી પૂનમીયા મહાસંગ-અંબાજી એમ.વી. શાહ કેન્સર હોસ્પિટલ અમદાવાદ અને ગાંધીનગર સિવિલ દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં ૭૫ બોટલ રક્ત એકત્રીત કરવામાં આવ્યુ હતુ.

અયોધ્યામાં રામમંદિર નિર્માણ માટે ૧૧ કરોડ આપવા નિર્ણય

અયોધ્યા રામ મંદિરના નિર્માણને લઈને અગાઉ પણ મોટી જાહેરાત કરી હતી : સુપ્રિમ કોર્ટના ચુકાદા બાદ પુનરોચ્ચાર

અમદાવાદ, તા.૯

દેશના સૌથી જુના અને સૌથી સંવેદનશીલ એવા અયોધ્યા વિવાદ પર આખરે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આવી ગયો છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની આગેવાનીમાં બંધારણીય પીઠના નિર્ણયને સંભળાવતા નિર્મોહી અખાડા અને શિયા વક્ફ બોર્ડનો દાવો ફગાવી દીધો હતો. અયોધ્યામાં રામજન્મભૂમિ ન્યાસને વિવાદીત જમીન આપવામાં આવી છે. જ્યારે અયોધ્યામાં જ કોઈ અન્યત્ર જગ્યાએ મસ્જિદ બનાવવા માટે ૫ એકર જમીન સુન્ની વક્ફ બોર્ડને મળશે. સુપ્રીમ કોર્ટે સરકારને ટ્રસ્ટ બનાવવાનો પણ આદેશ આપ્યો છે. સુપ્રીમકોર્ટના આ ઐતિહાસિક ચુકાદા બાદ અનેક રસપ્રદ અને ધાર્મિક આસ્થાની વાતો અને બાબતો પણ સામે આવી રહી છે. આવી જ એક વાત છે કે, અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે સુરતના અખિલ ભારતીય હિન્દુ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શિવ ઓમ મિશ્રા રૂ.૧૧ કરોડની માતબર રકમ દાનમાં અર્પણ કરશે. સુપ્રીમ કોર્ટે સરકારને ટ્રસ્ટમાં સભ્યોને પસંદ કરવાનો અધિકાર આપ્યો છે. ત્રણ મહિનામાં ટ્રસ્ટ બન્યા બાદ વિવાદાસ્પદ જમીન અને અધિગ્રહિત જમીનના બાકી હિસ્સાને સોંપાશે. ત્યારબાદ ટ્રસ્ટ રામ મંદિર નિર્માણની રૂપરેખા તૈયાર કરશે. નિર્મોહી અખાડાને ટ્રસ્ટમાં જગ્યા મળશે. ત્યારે સુરતમાં અખિલ અખિલ ભારતીય હિંદુ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શિવ ઓમ મિશ્રાએ અગાઉ અયોધ્યામાં રામ મંદિરના નિર્માણને લઈ મોટી જાહેરાત કરી હતી. તેનો આજે પુનરોચ્ચા કર્યો હતો અને જણાવ્યું હતું કે, રામ મંદિરના નિર્માણ માટે તેઓ ૧૧ કરોડ રૂપિયા આપશે. જ્યારે ત્રણ મહિના બાદ કમિટીની રચના કરવામાં આવ્યા બાદ તેઓ કમિટીને ૧૧ કરોડ રૂપિયા સુપરત કરશે. આમ, રામમંદિરને લઈ બહુ નોંધનીય અને પ્રખર ધાર્મિક આસ્થા અને શ્રદ્ધા એક પછી એક હવે સામે આવી રહ્યા છે. મિશ્રાએ સુપ્રીમકોર્ટના ચુકાદાને આવકારતાં તેને ઐતિહાસિક અને અભૂતપૂર્વ ગણાવ્યો હતો.

ચુડાસમાએ મિઠાઇ ન ખાવાની બાધા રાખી હતી

રામમંદિરની તરફેણમાં ચુકાદો આવતાં ચુડાસમાની બાધા પૂરી

ભુપેન્દ્રસિંહ ચુડાસમાની છેલ્લા ૨૯ વર્ષથી બાધા હતી

ગાંધીનગર, તા. ૯

અયોધ્યામાં રામ જન્મભૂમિના કેસમાં સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા સાથે ગુજરાતના સિનિયર કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ૨૯ વર્ષ જૂની બાધા પૂર્ણ થઈ છે. ભુપેન્દ્રસિંહ ચુડાસમા એ વર્ષે ૧૯૯૦ માં અયોધ્યામાં રામ મંદિર બને તે માટે મીઠાઈ નહી ખાવાની બાધા લીધી હતી આજે તે બાધા હવે પૂર્ણ થઈ છે. ચુડાસમાએ પોતાની બાધા ફળતાં અને રામ મંદિર નિર્માણનો માર્ગ મોકળો બનતાં ભારે ખુશી વ્યકત કરી હતી.

વીતેલી સદીથી ચાલી રહેલો અયોધ્યાનો રામ મંદિરનો વિવાદ હવે પૂર્ણ થયો છે. દેશની સર્વોચ્ચ અદાલતે દ્વારા આજે જજમેન્ટની સાથે અયોધ્યામાં વિવાદિત રામ જન્મભૂમિ રામ લલા બિરાજમાનને આપવાનો ચુકાદો આપ્યો છે, ત્યારે ગુજરાતના સિનિયર કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ૨૯ વર્ષે જૂની બાધા હવે ફળી છે. વર્ષે ૧૯૯૦માં રામ મંદિરના નિર્માણ માટે નીકળેલી રથયાત્રા સમયે ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ અયોધ્યામાં રામ મંદિર બને તે માટે બાધા રાખેલી હતી.જે અંતર્ગત છેલ્લા ૨૯ વર્ષથી ભુપેન્દ્રસિંહ કોઈપણ જાતની મીઠાઈ કોઈપણ પ્રસંગે ખાતા નહોતા. ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ-૧ માં ભુપેન્દ્રસિંહ ચુડાસમાની એક માત્ર ઓફીસ એવી છે કે જ્યાં તેમને મળવા આવનાર તમામ મુલાકાતીઓનું મીઠું મોઢું બારે માસ કરવામાં આવે છે, પરંતુ મીઠું મોઢું કરાવનાર ભુપેન્દ્રસિંહ જ રામ મંદિર માટે છેલ્લા ૨૯ વર્ષથી પોતાનું મોઢું મીઠું કરતાં ન હતા. દરમ્યાન સુપ્રીમકોર્ટે આજે રામમંદિરની તરફેણમાં ઐતિહાસિક ચુકાદો આપતાં ચુડાસમાએ ભારે ખુશી વ્યકત કરતાં જણાવ્યું હતું કે, જ્યારે સોમનાથથી અયોધ્યા સુધી તા. ૨૫ સપ્ટેમ્બર ૧૯૯૦માં યાત્રા કાઢવામાં આવી હતી ત્યારે તે યાત્રામાં હું પણ સામેલ થયો હતો, મેં ભગવાનની બાધા રાખી હતી કે જ્યાં સુધી અયોધ્યામ રામ મંદિર નહિ બને ત્યાં સુધી હું મીઠાઈ નહિ ખાવ, આજે ૨૯ વર્ષે બાદ મારી એ બાધા ફળી છે, તેનો મને આનંદ છે. હવે જલ્દી રામમંદિર નિર્માણ થાય બસ.

પાસ યોજનાના લાભાર્થીઓની સંખ્યા વધી ડેપોએ ૨.૫૨ કરોડની આવક મેળવી

મુસાફર પાસ યોજના અન્વયે ડેપોએ ગત વર્ષની સાપેક્ષમાં વધુ આવક કરી : ૩૦ હજાર મુસાફરો ૧૫ દિવસનુ ભાડુ ચુકવી એક મહીનો મુસાફરી કરી રહ્યા છે

ગાંધીનગર તા ૯

એસ ટી ની મુસાફર પાસ યોજના અન્વયે ગાંધીનગર ડેપોએ ગત વર્ષની સાપેક્ષમાં વધુ આવક મેળવી છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે છેલ્લા ૧૦ મહીનામાં જ અત્યાર સુધી ૨.૫૨ કરોડની આવક કરી છે. જયારે આ યોજનાનો ૩૦ હજાર જેટલા મુસાફરો લાભ લઈ રહ્યા છે. આ યોજના અન્વયે ૧૫ દિવસનુ ભાડુ ભરીને એક મહીનાની મુસાફરીનો લાભ મળે છે.

એસ ટી નિગમ મુસાફરો વધુ એસ ટી સેવાનો લાભ લે તે મુજબની યોજના અમલી બનાવે છે. જયારે સલામત સવારીએ મુસાફર પાસ યોજના પણ અમલી બનાવી છે. જેમાં ૧૫ દિવસનુ ભાડુ ભરીને એક મહીનાની મુસાફરી કરવાનો લાભ મુસાફરને મળે છે. જયારે આ યોજનાનો લાભ રોજબરોજ અપડાઉન કર્તા મુસાફરો વિશેષ લઈ રહ્યા છે. જયારે ગાંધીનગર એસ ટી ડેપોમાં પણ મુસાફરોને આ યોજનાનો લાભ મળે તે માટે કાઉન્ટર ઉભુ કરાયુ છે. જે મુજબ મુસાફરો પાસ કઢાવીને યોજનાનો લાભ લઈ રહ્યા છે. આ યોજના અન્વયે દર માસે ૨ હજારથી વધુ મુસાફરો પાસ કઢાવે છે. ગાંધીનગર ડેપોએ વર્ષ ૨૦૧૮ દરમિયાન આ યોજના અન્વયે ૨૩૧૧૯૭૦૦ રૂપિયાની આવક મેળવી હતી. જયારે ગત વર્ષ કરતા આ વર્ષે મુસાફર પાસ યોજનાના લાભાર્થીઓની સંખ્યા પણ વધી છે. માટે આવક પણ વધી છે. અંદાજિત ૩૦ હજાર જેટલા મુસાફરો પાસ યોજનાનો લાભ લઈ રહ્યા છે. માત્ર ૧૫ દિવસનુ ભાડુ ચુકવીને એક મહીના મુસાફરી કરવાનો લાભ મેળવે છે.

ગાંધીનગર તાલુકાના પોર ગામે આજે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાસેતુ કાર્યક્રમમાં ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી ભોરણિયા, તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબેન વાઘેલા ભાજપના અગ્રણી આઈ.બી. વાઘેલા સહિતના સૌ હાજર રહ્યા હતા. આ સેવાસેતુ કાર્યક્રમમાં ૩૨૦૦થી વધુ લાભાર્થીઓએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. સાત-બારના ઉતારા તેમજ આઠ અના પ્રમાણપત્રોનો લાભ સૌથી વધુ લોકોએ લીધો હતો. ૧૫૦થી વધુ લર્નિંગ લાયસન્સ પણ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવ્યા હતા. જયારે ૯૦થી વધુ વ્યકિતઓના આધારકાર્ડ માટે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

રાજ્યમાં ચુકાદા બાદ ભાઈચારાનો માહોલ

રામ મંદિર તરફેણમાં ચુકાદો આવે તે માટે મંદિરમાં પૂજા અને યજ્ઞ થયા : લોકોએ ઉજવણીમાં દાખવેલો ભારે સંયમ

અમદાવાદ, તા. ૯

અયોધ્યામાં રામમંદિરને લઈ સુપ્રીમકોર્ટના આજના ઐતિહાસિક અને અભૂતપૂર્વ ચુકાદાને લઈ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ભારે ઉત્સાહની સાથે સાથે કોમી ભાઈચારા, સદભાવના અને સૌહાર્દનું વાતાવરણ જોવા મળ્યુંહતું.

હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયના લોકોએ સાચા અર્થમાં રાજયમાં પ્રશંસા કરવી પડે તે કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડયુ હતું. અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આજે કોમી ભાઈચારાના દ્રશ્યો સામે આવ્યા હતા અને સમગ્ર રાજયમાં એકંદરે શાંતિ જળવાયેલી રહી હતી. આ અગાઉ રામમંદિરની તરફેણમાં ચુકાદો આવે તે માટે વહેલી સવારથી જ મંદિરોમાં પૂજા, યજ્ઞ અને હોમ-હવન શરૂ થઈ ગયા હતા. સામાન્ય નાગરિકો પણ રામમંદિરની તરફેણમાં ચુકાદો આવે તે માટે બાધા-માનતા રાખીને બેઠા હતા અને સતત પ્રાર્થના કરી રહ્યા હતા.

એકંદરે જોવા જઈએ તો, રામમંદિરની તરફેણમાં સુપ્રીમકોર્ટનો ચુકાદો આવ્યા બાદ પણ બંને કોમના લોકોએ ચુકાદાની ફટાકડા ફોડી કે વિજયોત્સવ મનાવી ઉજવણી કરી ન હતી પરંતુ ભારે સંયમ સાથે ઉજવણી કરી રાજયમાં શાંતિનો માહોલ જળવાઈ રહે તે માટેનું અદભુત ઉદાહરણ પૂરુ પાડયું હતું. ખુદ પોલીસ અને તંત્રએ પણ લોકોના આ સહકાર અને કોમી ભાઈચારાની લાગણીને બિરદાવી હતી. ગઈકાલે રાતથી જ જાહેરાત કરી દેવાઈ હતી કે, સુપ્રીમકોર્ટ દ્વારા રામમંદિર કેસમાં ઐતિહાસિક ચુકાદો આજે તા.૯મી નવેમ્બરે સંભળવાશે, જેને લઈ સામાન્ય લોકોથી માંડી પોલીસ તંત્ર, વહીવટી તંત્ર અને રાજય સરકાર પણ એકદમ હરકતમાં આવી ગયા હતા. ખાસ કરીને ઐતિહાસિક ચુકાદાના પ્રત્યાઘાત રૂપે રાજયમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને અને કોઈપણ સમુદાયની ધાર્મિક લાગણી દુભાય નહી તેનું ધ્યાન રાખવું અને તેની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવી એ તંત્ર અને પોલીસ માટે પણ ભારે પડકારજનક હતું. રાત્રે ને રાત્રે પોલીસતંત્રના તમામ કર્મચારીઓની રજા રદ કરી દેવામાં આવી હતી અને તમામને સ્ટેન્ડ ટુ ના આદેશો જારી કરી દેવાયા હતા. તો, સંવેદનશીલ વિસ્તારો સહિત મંદિરો, એસટી સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશનો સહિતના જાહેરસ્થળોએ સતત પેટ્રોલીંગ અને વોચ વધારી દેવાયા હતા.

બીજીબાજુ, વર્ષો જૂના કેસમાં પોતપોતાની તરફેણમાં ચુકાદો આવે તે માટે હિન્દુ અને મુસ્લિમ સમાજ આશા લગાવીને બેઠા હતા પરંતુ રાત્રિથી જ કેન્દ્ર સરકાર તેમ જ રાજય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તમામ લોકોને ચુકાદાને કોઈની હાર-જીત તરીકે નહી પરંતુ સામાજિક ન્યાય અને રાષ્ટ્રના હિતમાં જોવામાં આવે તેવી અપીલ અને ખાસ અનુરોધ કરાયો હતો. એટલું જ નહી, વોટ્સઅપ, ટવીટર સહિત સોશ્યલ મીડિયામાં ચુકાદાને લઈ કોઈની ધાર્મિક લાગણી દુભાય નહી અને શાંતિનું વાતાવરણ ડહોળાય નહી તે હેતુથી વાંધાજનક પોસ્ટ નહી કરવા તાકીદ કરાઈ હતી.

સાથે સાથે જે કોઈ ચુકાદો આવે ત્યારબાદ ફટાકડા ફોડી, સરઘસ રેલી કાઢી કે જાહેરમાં ઉજવણીના ઉન્માદમાં અન્ય સમાજની ધાર્મિક લાગણી ના દુભાય તે માટે ભારે સંયમ દાખવવા અનુરોધ કરાયો હતો, દરમ્યાન આજે સવારે સુપ્રીમકોર્ટે ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યા બાદ રામમંદિર નિર્માણનો માર્ગ મોકળો કરી, મુસ્લિમ સમાજ માટે પણ પાંચ એકર જમીન ફાળવવાનો બંને પક્ષે ન્યાયપૂર્ણ ન્યાય કરતાં સમગ્ર રાજયમાં તેની ભારોભાર પ્રશંસા થઈ હતી તો, સામાન્ય લોકોથી માંડી બંને કોમના ધાર્મિક અને સામાજિક સંગઠનો, સંસ્થાઓ અને આગેવાનોએ પણ પૂરેપૂરો સહકાર આપી કોમી ભાઈચારાનું વાતાવરણ જાળવી બતાવ્યું હતુ. રામમંદિરની તરફેણમાં ચુકાદો આવતાં હિન્દુ સમાજમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. લોકોએ મંદિરોમાં દર્શન કરી બાધા-માનતા પૂરી એકબીજાને સંયમિત રીતે અભિનંદન પાઠવી ખુશી વ્યકત કરી હતી તો, મુસ્લિમ સમાજે પણ ખેલદિલી દાખવી કોમી ભાઈચારાનું ઉદાહરણ પૂરું પાડયું હતું.